# સમજ્યા હોઈએ એ જ લખવું અને સમજાય એ રીતે લખવું

## વિવેચન અને હું

**ડૉ.દર્શના ધોળકિયા**

'વિવેચન' અને વિવેચક' સંજ્ઞા સામાન્ય રીતે એક પ્રકારનો અલગાવનો ભાવ પેદા કરતી હોવાનો ભાસ કરાવે છે. સર્જનની ક્ષમતાને ચકાસવાનો વિવેચનનો ઉપક્રમ નાનમોટાઈનો ભેદ ઊભો કરવાનો ભ્રમ પણ રચે છે.

પણ વિવેચનના નાના-સૂના અનુભવનેય પામ્યા પછી કે પામતાં પામતાં વિવેચક વિશે ઉમાશંકરે આંકેલા ખ્યાલનું સુખદ સ્મરણ થાય છે. તેમને મતે, 'વિવેચક એવો ભાવઉત્તમ છે જે સમાધિ છૂટ્યા પછી પોતાની રસયાત્રાનો નકશો આંકી બતાવે, રસાનુભવનું વ્યાકરણ આપણી આગળ મૂકે અને એ રીતે એના જેવી જ રસસમાધિ સાધવામાં આપણને સહાયરૂપ થાય. વિવેચકનું કાર્ય આ રીતે વિચારમૂલક છે.' ('શૈલી અને સ્વરૂપ', પૃ.૮૦). આ અર્થમાં જોતાં વિવેચન એ કરવાની નહીં પણ થઈ જવાની પ્રક્રિયા હોવાનું અંગત રીતે અનુભવાયું છે. વ્યક્તિ, કૃતિ કે વિચાર સાથે અનુબંધ સર્જાતાં જ એ અવળું પુષ્પપાંદડીની જેમ ઊઘડતું રહે છે ને તેમાં રહેલી સુગંધની અનુભૂતિ કરાવે છે

વિવેચન સાથેના મારા નાતાની વાત માંડવા બેસું છું ત્યારે મારી બાલ્યાવસ્થાથી જ મારી સમક્ષ ઊઘડતો રહેલો જીવતરનો વિસ્મયલોક આવતોકને ખડો થઈ જાય છે. મારી સાથે, મારી સામે ઘટતી પ્રત્યેક ઘટનાનું ઝીણવટભર્યું અવલોકન કરવાની ને પછીથી મનોમન એનું પૃથક્કરણ કરવાની પહેલેથી જ પડેલી આદતે મને વિવેચન ભણી વાળી-પ્રેરી હોય એ શક્ય છે.

ભણતાં ભણતાં અભ્યાસ પ્રત્યેની રુચિ પ્રીતિમાં રૂપાંતરિત થતી રહી તે વાર્તાઓ, નવલકથાઓ, નિબંધ આદિનું ભાવન કરતાં કરતાં એ કૃતિઓને મૌલિક રીતે ઘટાડવાની ટેવ સહજ ઢંગથી કેળવાતી રહી. મોટાં ધોરણોમાં અભ્યાસ કરતી વખતે ઘટેલી એક ઘટનાનું સ્મરણ આ સંદર્ભે તાજું થાય છે. બારમા ધોરણના ગુજરાતીના પાઠ્યપુસ્તકમાં દ્વિરેફ કૃત 'મુકુંદરાય' નવલિકા મારે ભણવાની આવી. અમારાં શિક્ષિકા નલિનીબહેન શાહે એમની રસાળ શૈલીમાં આ વાર્તાનો આસ્વાદ કરાવીને વર્ગને રસતરબોળ કરી દીધેલો. પછીની કસોટીમાં મુકુંદરાયનાં અનુચિત આચરણનાં કારણોની સમીક્ષા માગતો પ્રશ્ન પૂછાયેલો.

આ વાર્તામાંથી એકાધિક વખત પસાર થયા પછી મને મુકુંદરાયનાં અનુચિત આચરણના મૂળમાં તેણે લીધેલી નવી કેળવણી કે તેને મળેલાં શહેરી વાતાવરણ કરતાંય વાર્તામાં આલેખાયેલું તેના પિતાનું એક વલણ વધારે કારણભૂત જણાયેલું. વાર્તામાં આલેખાયેલું એ મુજબ 'મુકુંદમાં મા-બાપની સર્વ શક્તિ ઊતરી

આવી હતી એ ખરી, પણ તેના પિતાના ઔદાસીન્યને (વિધુર હોવાના) લીધે તે કેળવાઈ નહોતી.' વિધુરાવસ્થાની વેદનાને વીસરીને મુકુંદના પિતા મુકુંદનો ઉછેર કરી શક્યા હોત તો કદચ મુકુંદ જુદો હોત એવો મત મેં કસોટીના ઉત્તરમાં મૂકેલો. તે કાળે વાર્તાનાયક માટેનાં મારાં આ પ્રકારનાં અર્થઘટને મને યશ ને ગુણ (માર્કસ)ની બેવડી પ્રાપ્તિ સંપડાયેલી. પછીથી થયેલી વિવેચનયાત્રાનાં મૂળિયાં કદાચ આ ક્ષણમાં પડેલાં હોઈ શકે.

એમ.એ.નો અભ્યાસ પૂર્ણ કર્યા પછી તરત જ મારે અધ્યાપનના ક્ષેત્રમાં પ્રવેશવાનું થયું. મારી માતૃસંસ્થા ભુજની લાલન કૉલેજમાં મારા અધ્યાપનકાળના એ આરંભકાલીન દિવસો. અમારી કૉલેજમાં ભાષાના અધ્યાપકો દ્વારા એક અભ્યાસવર્તુળ ચાલે. દર મહિને જુદી જુદી ભાષાના અધ્યાપકો સેમિનારની ગંભીરતાથી પોતાની ભાષાના કોઈ એક મુદ્દા પર અભ્યાસ રજૂ કરે. મારા અધ્યાપક તે વિભાગીય અધ્યક્ષ ડૉ.ધીરેન્દ્ર મહેતાએ આ સભામાં કોઈ એક મુદ્દા પર અભ્યાસ રજૂ કરવાનો મને આદેશ કર્યો. એ વર્ષોમાં ડૉ.ભોળાભાઈ પટેલ કૃત પ્રવાસનિબંધ સંચય 'વિદિશા' તાજો પ્રગટ થયેલો ને અનુસ્નાતક કક્ષાએ મારે ભણાવવાનોય આવેલો. હું એ પુસ્તકના ગળાડૂબ પ્રેમમાં. આથી તેની વાત માંડવાનું મને મન થઈ ગયું ને 'સૌદર્યસ્રોત વિદિશા' શીર્ષકથી મેં લાંબો લેખ તૈયાર કરેલો, જેને પછીથી 'સંસ્કૃતિ'માં પ્રગટ કરવા ઉમાશંકરને સોંપવાની હિંમત પણ કરેલી. ઉમાશંકરને એ ગમેલો પણ ખરો પણ ત્યારે ઉમાશંકર 'સંસ્કૃતિ'ને સમેટવામાં હતા તેથી તેમણે એ લેખ અન્યત્ર પ્રકાશિત કરાવવાનું મને સૂચવ્યું ને ૧૯૮૬-૮૭ના વર્ષમાં 'શબ્દસૃષ્ટિ'માં એ પ્રકાશિત થયો. કૃતિલક્ષી વિવેચનનો મારો એ પ્રથમ પ્રયાસ, જેને મળેલી સ્વીકૃતિઓ મારામાં લેખન ને અભ્યાસનો આત્મવિશ્વાસ જગવ્યો.

૧૯૮૮ના વર્ષમાં ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા સોમનાથ મુકામે ભક્તિસત્ર યોજાયેલું જેમાં શિવ ને કૃષ્ણવિષયક નવલકથાઓની ચર્ચા માંડવાનો ઉપક્રમ હતો. આ સત્રમાં પરિષદના તત્કાલીન મંત્રી શ્રી નરોત્તમ પલાણે તદ્દન નવોદિત એવા ત્રણ વક્તાઓની પસંદગી કરી જેમાંની એક હું હતી. મારે ભાગે ચર્ચા કરવાની આવી પન્નાલાલ પટેલ કૃત 'શ્રીકૃષ્ણ જીવનલીલા' ખંડ ૧ થી ૫ની. પન્નાલાલ જેવા સમર્થ સર્જકની પ્રમાણમાં ઘણી નબળી એવી આ કૃતિને 'સર્જકત્વનો ઝાંખો ઉન્મેષ' એવા શીર્ષકથી વિદ્વાનોની એ સભામાં મૂલવવાની કસોટી મારે ભાગે આવી. બેઠકના અધ્યાપક ડૉ.રઘુવીર ચૌધરી પાસે અભયદાન માગીને મેં વાત માંડેલી. ને વ્યાખાનના અંતે એ કાળે તૈયાર થઈ રહેલ પન્નાલાલ અધ્યયન-ગ્રંથ માટે મારો એ લેખ માગી લઈને રઘુવીરભાઈ અને સૌએ પન્નાલાલનાં મારાં પુનર્મૂલ્યાંકનને સ્વીકૃતિ આપીને મૈત્રી વિવેચનાં વગોવાયેલાં વલણથી ઊફરા જવાની મને તક આપી.

ગુજરાતી સાહિત્યનો અભ્યાસ કરતાં કરતાં સાહિત્યના ઈતિહાસના ખંડોમાંથી પસાર થતાં થતાં નવલરામથી માંડીને અનંતરાય રાવળ, ઉમાશંકર, આચાર્ય યશવંત શુક્લ4 ધીરુભાઈ ઠાકર, જયંત કોઠારી આદિના સ્વસ્થ અને સમતોલ વિવેચકીય અભિગમે મને પ્રભાવિત કરેલી. તેઓનાં અભ્યાસપ્રત લખાણો દ્વારા મને પરોક્ષ તાલીમ મળતી રહી. પીએચ.ડી.ના મારા અભ્યાસના આરંભ પહેલાંનો આ પ્રથમ તબક્કો.

એમ.એ.નો અભ્યાસ પૂર્ણ કરતાંવેંત આરંભાયો પીએચ.ડી.ના અભ્યાસનો બીજો તબક્કો. ને તેય જયંત કોઠારી જેવા આચાર્યની નિશ્રામાં. તેમની સાથેની પહેલીવારની બેઠકમાં તેમણે મારી વિષયપસંદગી પૂછેલી. ને મારે મોઢે આવી ગયું નરસિંહનું નામ. મૂળે મારી રુચિ આસ્વાદલક્ષી વિવેચનમાં કોઈપણ કૃતિ, કર્તા કે વિચારને અધ્યાપકની નિસબત તે દ્રષ્ટિથી તપાસવા-ચકાસવામાં મને ઊંડો રસ. જયંતભાઈ પાસે ખુલ્લા દિલે એ અંગે ચર્ચા થઈ. મારી નરસિંહપ્રીતિ જોઈને એમના મનમાં ઘૂંટાતો જટિલ પ્રશ્ન એમણે મારી સમક્ષ મૂક્યો. એ ગાળામાં તેઓ નરસિંહકૃત ‘કુંવરબાઈનું મામેરું’ પર કામ કરી રહ્યા હતા. નરસિંહને અન્ય કવિઓનું ‘મામેરું’નો તુલનાત્મક અભ્યાસ કરતાં એમને નરસિંહનાં ‘મામેરું’નાં કર્તૃત્વ વિશે શંકા જાગેલી ને એ પરથી નરસિંહમાં મનાયેલાં અન્ય આત્મચરિત્રાત્મક પદોનાં નરસિંહકૃતત્વને ચકાસવામાં તેમને રસ જાગેલો. તેમની આગવી શૈલીમાં તેમને આસ્વાદ પ્રીતિને સંશોધન ભણી પ્રેરતાં-દોરતાં કહેલું, ‘હિંમત હોય તો ઝંપલાવીએ. તમારી નરસિંહપ્રીતિયે સંતિષાશે ને એ નિમિત્તે નરસિંહનાં પદોનાં કર્તૃત્વની યથાર્થતાની ચકાસણી કરતાં નરસિંહને સાચો અર્ઘ્ય અપાશે.’

ને એ ક્ષણથી મારી વિવેચનથી સંશોધન ભણીની મારે માટે અજાણી યાત્રા આરંભાઈ. મારાં સશોધનનો વિષય હતો. ‘નરસિંહનાં અત્મચરિત્રાત્મક પદોનું સમીક્ષાત્મક અધ્યાયન.’ પછીથી ભાયાણીસાહેબે મારા અભ્યાસનું અર્ધવર્તુળ પૂરું કરી આપીને ‘નરસિંહચરિત્રને સંતચરિત્રની પરંપરાના સંદર્ભમાં’ એવું ઉમેરણ કરાવ્યું. આમ, કરવાથી મારાં અધ્યયનનો ચતુર્વિધ મોરચો મંડાયો. નરસિંહની કૃતિઓનું આંતરિક અધ્યયન, નરસિંહનાં જીવનવિષયક મધ્યકાલીન કૃતિઓનું અધ્યયન, નરસિંહનાં જીવનના મહત્વના મુદ્દાઓનું નવેસરથી અધ્યયન ને સંતચરિત્રના સંદર્ભમાં નરસિંહજીવનનું અધ્યયન.

આ પ્રકારના સંશોધનાત્મક અધ્યયનમાંથી પસાર થતાં થતાં મધ્યાકાલીન કૃતિઓમાં પડેલા જટિલ પ્રશ્નોનો પરિચય સાંપડતો રહ્યો. નરસિંહનાં મનાયેલાં આત્મચરિત્રનાં પદોને એ જ વિષય પર રચાયેલી અન્ય કવિઓની કૃતિઓ સાથે તુલનાવતાં નરસિંહની રચનાઓ અનેક કારણોસર પાછલા સમયની જણાઈ. આ કૃતિઓની શંકાસ્પદ ઠેરવે તેવાં કારણોમાં આ કૃતિઓમાં રહેલી આત્મપ્રશસ્તિ, જે

મધ્યકાળમાં અશક્ય હતી; આ કાવ્યો ત્રીજા પુરુષમાં ચલતાં હતાં; આ કૃતિઓની હસ્તપ્રતોની અર્વાચીનતા; એક જ કવિની કૃતિઓમાં જુદી પડતી વિગતો; આ કૃતિઓ પર વરતાતી વિશ્વનાથ જાની ને પ્રેમાનંદની ગાઢ અસર; ભાષાની અભદ્રતા, નિરૂપણની કચાશ વગેરે મુદ્દાઓ પડેલા હતા. વળી, અન્ય સંતચરિત્રો સાથે નરસિંહના જીવનને જોતાં એ સંતોના જીવનના કથાઘટકો એકસરખી વિગતો આપતા જણાયા. નરસિંહના જીવનની ઘટનાઓ પણ ગળાતી-ચળાતી ગઈ તે એક જુદું જ ચિત્ર આ સંદર્ભે સાંપડ્યું. સંશોધનનું ક્ષેત્ર, વિવેચનકરતાં કેટલું જુદું છે તે અંગેની સમજ આ અભ્યાસ દરમ્યાન સાફ થઈ.

મારી સંશોધન–વિવેચનયાત્રાએ મને મહત્વનો લાભ અપાવ્યો હોય તો એ વાતનો કે અભ્યાસના એક મુદ્દામાંથી જ બીજો મુદ્દો પ્રગટતો રહ્યો. મારા મહાનિબંધના અનુષંગે ડૉ.પ્રમોદકુમાર પટેલની લાગણી ને પ્રેરણાથી સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા લોક ને વિદ્યાર્થીભોગ્ય શૈલીમાં મને નરસિંહ વિશે મોનોગ્રાફ તૈયાર કરવાનું સોંપાયું. સંશોધનનો કઠોર પ્રવાસ પાર કર્યા પછી આસ્વાદની રસળતી યાત્રામાં વિકસ્યું એ એક પડકાર હતો. અલબત્ત, મારી આસ્વાદપ્રિય વૃત્તિને ‘નરસિંહ મહેતા’માં નરસિંહનાં કવનની ચર્ચા કરતી વખતે આત્મચરિત્રનાં પદોની અધિકૃતતા વિશે મેં કરેલા અભયસને ટાંકીને જ મારે ચર્ચા કરવાની આવી. આમ, મારાં જ સંશોધનનો લાભ મારાં જ પહેલાં વિવેચનને સ્વીકાર્યો એમ કહેવાય. નરસિંહ વિશે પછીથી થયેલાં સંપાદનો, સ્થાપિત મુદ્દાઓને ન સ્પર્શવાની વૃત્તિ કે મૌલિકતાના સ્વીકારની અક્ષમતા – એવું એમાનું કોઈપણ હોઈ શકે, જે આપણાં વર્તમાન વિવેચનની મર્યાદાને ચીંધે. અલબત્ત, મારો મહાનિબંધ પ્રગટ થયો એ જ વર્ષ (૧૯૯૨) વિવેચન વિભાગનું પ્રથમ પારિતોષિક મેળવ્યાનો હક્કદાર જરૂર થયો એ વાત જુદી છે.

૧૯૯૬-૯૭નાં વર્ષોમાં શ્રી રમણલાલ જોષી સંપાદિત ગ્રંથકાર શ્રેણી અંતર્ગત્ કવિ કાન્ત વિશે મોનોગ્રાફ તૈયાર કરવાનું નિમિત્ત ઊભું થયું ને એ નિમિત્તે કાન્તની અપ્રગટ કૃતિઓ, પત્રો વિશે પુનર્મૂલ્યાંકન કરવાની તક સાંપડી. જેમાં કાન્તના પત્રોમાં મને વિશેષ રસ પડયો. ને ગુજરાતી સાહિત્ય અકાદમીના એ સમયના પ્રમુખ ડૉ.ભોળાભાઈ પટેલ દ્વારા એ પત્રોનું સંપાદન મને સોંપાયું. કુલ સાત વર્ષોના કાન્તના પત્રોની શોધ ચાલી ને ૬૯૫ જેટલા પત્રો હાથવગા થઈ શક્યા. આ આખુંય સંપાદન ફરીથી મને સંશોધન ભણી દોરી ગયું. કાન્તના વ્યક્તિત્વનાં, સર્જક્ત્વનાં અનેક પાસાં ઊઘડતાં રહ્યાં ને કાન્તના અત્યાર સુધી થયેલા ઉત્તમ વિવેચનોમાં પૂરક બને તેવી સામગ્રી મને સંપડાવતાં રહ્યાં. કાન્તની પત્રયાત્રામાંથી પસાર થતાં, વિવેચકના સાક્ષીભાવે તેને નિહાળતાં મને જે લાગ્યું તે અચાર સુધીનાં કાન્તના મળેલા પરિચયમાં વિધાયક ઉમેરો કરે તેવું આ સત્ય : ‘તરુણાવસ્થાથી જ અધ્યાત્મ ભણી કાન્તે આરંભેલી

યાત્રાએ તેમને ચૈતસિક ઊર્ધ્વારોહણની પૂરેપૂરી પ્રતીતિ ન બક્ષી એ વાતને બાજુએ મૂકીએ તો પણ કાન્તની અધ્યાત્મ-રતિએ તેમને જીવનનું સમતોલ નિરીક્ષણ કરી શકવામાં મહત્વની મદદ કરી છે. ('કાન્તના પત્રો',પૃ.૧૧) એટલું તો ચોક્કસ કઈ શકાય તેમ છે.' તો સર્જક કાન્તનું પુનર્મૂલાંકન કરતો આ વિચાર પણ મને પત્રોમાંથી જ જડ્યો. 'સ્નેહની સંતૃપ્તિ કાન્તના માનસમાં આદિમ રીતે પડેલી જોઈ શકાય છે, જેણે તેમની અધ્યાત્મિક વિકાસયાત્રાને એક બાજુથી ઘાટ આપવામાં આડકતરી મદદ કરી છે. તો બીજી બાજુથી તેમનાં ઊર્ધ્વારોહણને રોક્યું છે. ('કાન્તના પત્રો',પ્રસ્તાવના,પૃ.૬)

મારાં કેટલાંક વિવેચનકાર્યનાં મૂળમં વર્ગખંડની આવશ્યકતાઓ પણ કેન્દ્રમાં રહી. વર્ગમાં કાવ્યાસ્વાદ માંડતી વેળા આસ્વાદમૂલક વિવેચનની અનિવાર્યતા સ્પષ્ટ થઈ. ગુજરાતીમાં આ પ્રકારનાં વિવેચનો અલ્પ માત્રામાં થયાં હોવાનુંય જણાવ્યું.

પછી પ્રશ્ન એ જાગ્યો કે કેવાં ને ક્યાં કાવ્યો આસ્વાદ માટે પસંદ કરવાં? તરત મધ્યકાળ મનમાં ડોકાયો. મધ્યકાલીન કાવ્યકૃતિઓ ક્યારેક ભાષાકીય દ્રષ્ટિએ સરળ પણ વૈચારિક દ્રષ્ટિએ ગૂઢ હોઈ, ઉકેલવી મુશ્કેલ બનતી હોય છે. તેમાંય નરસિંહ, મીરાં કે દયારામ જેવા ખ્યાત કવિઓની કવિતા સીધી ને સોંસરવી રીતે લોક ને વિદ્યાર્થી માનસમાં ઝિલાતી જોઈ હતી. આથી મધ્યાકાળના પ્રમાણમાં અલ્પ ખ્યાત કે બિલકુલ અજાણ્યા કવિઓની કવિતાની વાત માંડવાનું સૂઝ્યું. ને તેય એવા કવિઓ જે કોઈ ને કોઈ સંપ્રદાય સાથે જોડાયેલા હતા ને છતાંય તેમની કવિતા વાડાબંધીથી પારનું દર્શન કરાવવા સક્ષમ હતી. મધ્યકાળના આ સંતો પોતાની આંતરિક આધ્યાત્મિક ભૂકને તૃપ્ત કરવા ભલે જે – તે સંપ્રદાયના સમર્થ ગુરુનાં નામ કે કામ સાથે જોડાયા, પણ તેમની વાણીમાં, તેમના આચાર-વિચારમાં ક્યાંય સાંપ્રદાયિકતાની ગંધ સુદ્ધાં નહોતી. તેઓએ સંપ્રદાયને એક નિમિત્ત તરીકે સ્વીકાર્યો હતો. આથી તેમની કવિતા સંપ્રદાયના ટેકાથી જ ઉદ્દભવી હોવા છતાં મુક્ત વિચાર તરીકે સંશતાપિત થઈ શકી. આવી કવિતાઓનું આસ્વાદથી મૂલ્યાંકન અધ્યાપકીય વિવેચનના વર્ગમાં આવે તેવું હોવા છતાં એ વિદ્યાર્થીની સાથોસાથ મધ્યકાળના તે કવિતાના અભ્યાસીઓને સંતર્પે એ હેતુથી 'આઠે પહોર આનંદ' સંગ્રહમાં અભિવ્યક્તિ પામ્યું. જેમાં ભવાનીદાસ, મુની આનંદઘન, રાજે, વસ્તો, ગંગા સતી જેવા સંતભક્તોની કવિતાનો સમાવેશ છે.

કાવ્યાસ્વાદમાં આ રીતે મધ્યકાલીન કવિતામાંથી પસાર થતાં થતાં આ જ વાતના ઉતરાર્ધ રૂપે અર્વાચીન કાળમાં અધ્યાત્મભાવને ઝીલતી કવિતાઓને તપાસવાની ઇચ્છા જાગી તે દલપતરામથી સંદીપ ભાટિયા સુધીની કવિતામાં આ પ્રકારનો ભાવ વ્યક્ત કરતી કવિતાઓનો આસ્વાદ 'શ્વાસમાં વાગે શંખ' સંગ્રહમાં સંગ્રહાયો.

અહીં પસંદ થયેલી કવિતાઓમાંની કેટલીક આ અગાઉ પણ આસ્વાદાઈ ચૂકી હતી. અહીં જે તફાવત હતો તે હતો અભિગમનો. ચોક્કસ વિચારની

પસંદગીનો. એ રીતે જોતાં કેટલાંક નવાં તારણો હાથવગાં થઈ શક્યાં. જેમ કે અર્વાચીન કવિઓ માટે અધ્યાત્મવિચાર નસિંહ-મીરાં જેવી અનિવાર્યતામાંથી ઉદ્દભવ્યો નહોતો. તે કાન્ત-કલાપી જેવાનું જીવન-વૈફલ્ય તેમને નરસિંહ-મીરાં-અખાના મંથનની લગોલગ જરૂર લઈ ગયું પણ તેમનું અધ્યાત્મદર્શન તેમને સમાધાન આપી ન શક્યું. માત્ર ઉત્તમ કવિતામાં જ એ પુરાઈ ગયું. નરી આત્મપ્રતીતિના બળ પર ચાલી શકેલા અર્વાચીન કવિઓમાં રાજેન્દ્ર શાહ, મકરંદ દવે ને રાજેન્દ્ર શુક્લની કવિતા મને ખરી ઊતરતી જણાઈ. આ પ્રકારેની કવિતાએ મને જે દેખાડ્યું તે આટલું, આ પ્રકારનું એકાદ કે એકાધિક કાવ્ય લખનાર કવિ અધ્યાત્મનો યાત્રી પુરવાર જ થાય છે એવું નથી. માત્ર આ પ્રકારનો ભાવ અર્વાચીન ને આધુનિક યુગમાં પણ સમયની પાર જઈને પ્રગટી શક્યો છે એની મહત્તા છે. આધુનિકતાએ આપેલી નિર્ભ્રાન્તિ ને વિષાદનેય વળોટીને પણ.

વહેતા રહેલા સમયમાં વિવેચનનાં અનેક નિમિત્તો સાંપડતાં રહ્યાં. મુકુંદરાય પારાશર્ય, પ્રહલાદ પારેખ, ઉમાશંકર, મુનશી, વિશેના અધ્યયન ગ્રંથો, અભિવાદન ગ્રંથો કે સર્જકોનાં શતાબ્દી પર્વો નિમિત્તે મળેલાં લેખન કે વ્યાખ્યાનનાં નિમંત્રણોએ આ સર્જકોનું પુનર્મૂલ્યાંકન કરવા મને પ્રેરી. આ સૌના અગાઉ થઈ ચૂકેલાં મૂલ્યાંકનો, વિવેચનોમાંથી પસાર થયા પછી આજના સંદર્ભમાં આ સૌને મૂલવતાં સૌનું રાગાવેગથી મુક્ત કરતું દર્શન મને સાંપડતું રહ્યું. તો ક્યાંક વિદ્યાર્થી કે આરંભકાલીન અધ્યાપક તરીકે આ  સૌ જે મુદ્દે આકર્સઃઅણનુ6 કેન્દ્ર બનેલા એ જ મુદ્રામાં આજે સયે આપેલી સમજના આલોકમાં ઓર ઝળહળી ઊઠ્યા હોવાનુંય અનુભવાયું.

વ્યાખ્યાનો નિમિત્તે થયેલાં વિવેચનોમાં કેટલાક મુદ્દા કદાચ પહેલીવાર ચર્ચામાં હોવાનુંય બન્યું. જેમ કે 'મેઘાણીના ચરિત્રનિબંધો', 'જયંત કોઠારીનું અધ્યાપન કાર્ય', ;અંતિમ પચીસીનું ચરિત્ર સાહિત્ય', 'ધીરેન્દ્ર મહેતાની વાર્તાકલા', 'નાનાલાલ જોશીનો વાર્તાલોક', 'સગુણ ઉપાસના ધારામાં કાવ્યત્વ – નરસિંહની કવિતાના સંદર્ભે, 'બકોર પટેલ ને શકરી પટલાણી' – આપણાં હસતાં પાત્રો વગેરે.

કૃતિલક્ષી વિવેચનોમાં વાંચતાવેંત સ્પર્શી ગયેલી કે નોંધપાત્ર ઐતિહાસિક મહત્તા ધરાવતી કૃતિઓને વિવેચવાનો આનંદ લીધો. જેમાં 'ચિહ્ન', 'પ્રિયજન', 'સ્મરણો ભીનાં (જયંત પંડ્યા), પ્રિજન (વીનેશ અંતાણી), 'આગંતુક' (ધીરુબેન પટેલ), 'કવિલોકમા' (જયંત કોઠારી) ને સાવ તાજેતરમાં પ્રકાશિત થયેલ હસિત મહેતાનું સંપાદન 'સાહિત્યિક સામયિકો' જેનો સર્વે આનંદપ્રદ રહ્યો.

૧૯૭૯થી આરંભાયેલી મારી સંશોધન-વિવેચનયાત્રાના સંદર્ભે મારી આ કેફિયત સમેટતાં મારા માર્ગદર્શક પ્રો.જયંત કોઠારી પાસેથી મને મળેલી મંત્રદીક્ષાનું આ ક્ષણે મને સુખદ સ્મરણ થાય છે. 'સમજ્યા હોઈએ એ જ લખવું અને સમજાય એ રીતે લખવું' એમ માનતા જયંતભાઈ પાસે સંશોધનની દિશા તો સાંપડી

જ, સાથોસાથ વિવેચનાની દુરુહતાની ફરિયાદનો ઉત્તર પણ સાંપડ્યો. આ સંદર્ભે આજે કોઈ મારી વિવેચનાને 'રસાળ' કે 'અધ્યાપકીય' કહીને ઓળખાવે છે ત્યારે મને સંતોષની અનુભૂતિ થાય છે.

## દર્શના ધોળકિયાના વિવેચનગ્રંથો

૧.નરસિંહ ચરિત્ર વિમર્શ – ૧૯૯૨, ૨.નરસિંહ મહેતા – ૧૯૯૪, ૩.કાન્ત-૧૯૯૯
૪. 'આઠે પહોર આનંદ રે' – ૨૦૧૦, ૫. 'શ્વાસમાં વાગે શંખ' – ૨૦૧૩.

*****

વિવેચનની પ્રવૃત્તિ માટે કટોકટીભરી પરિસ્થિતિનું નિર્માણ થઈ રહેલું જણાય છે. એક બાજુથી આપણે પશ્ચિમમાં રોજેરોજ નવી અસ્તિત્વમાં આવતી સાહિત્યિક વિચારસરણીઓની ભીંસ અનુભવીએ છીએ ને એથી આપણા વિવેચનને કોઈ સ્થિર ભૂમિકા પ્રાપ્ત થતી નથી. ચુસ્ત વૈજ્ઞાનિક વિશ્લેષણની પદ્ધતિઓને વિકસાવતું વિવેચન જાણે વિશેયજ્ઞ-પ્રવૃત્તિ બનવા લાગ્યું છે અને વિશાળ વાચકવર્ગ સાથેનો એનો નાતો આછો ને આછો થતો જાય છે.

- જયંત કોઠારી

ડૉ. દર્શના ધોળકિયાનાં સંપર્કસૂત્રઃ
• પત્રવ્યવહારનું સરનામું: ન્યૂ મિન્ટ રોડ, ભુજ (કચ્છ), ભારત ૩૭0001
• ઇ-પત્રવ્યવહારનું સરનામું: dr_dholakia@rediffmail.com